# પોસ્ટમોર્ટમ રૂમનો નવો એ.સી. પ્લાન્ટ શરૂ થાય તે પહેલા જ બંધ...!

## પી.એમ. રૂમના ધાબે ચઢીને એ.સી.ના કોમ્પ્રેસરમાંથી ચોરો કિંમતી પિત્તળની પાઈપો કાપી ગયા હોસ્પિટલની સિક્યુરીટી કથળી : અન્ય નવા એ.સી. હાલ પણ એક ખુણામાં ધૂળ ખાય છે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્થિત પોસ્ટમોર્ટમ રૂમની પાસે જ ખુબ મોટો પોસ્ટમોર્ટમ રૂમ તૈયાર કરવામાં આવ્યો છે. આ પોસ્ટમોર્ટમ રૂમ હજુ ચાલુ કરવામાં આવ્યો નથી. તેનો નવો એ.સી. પ્લાન્ટ પણ લાગી ગયો છે પરંતુ તે એ.સી. પ્લાન્ટ ચાલુ કરાય તે પહેલા જ બંધ થઈ ગયો છે.

કેમ કે, સિક્યુરિટી મામલે નબળી પુરવાર થયેલી સિવિલ હોસ્પિટલના આ એ.સી. પ્લાન્ટના કોમ્પ્રેસર પી.એમ. રૂમના ધાબે મુકાયા છે. જે તમામ કોમ્પ્રેસરમાંથી કિંમતી પિત્તળની પાઈપોની ચોકી કરીને ચોરો ભાગી ગયા છે. પરંતુ હજુ તંત્ર દ્વારા નજર સુદ્ધા



નાખવામાં આવી નથી.

ચોરો પી.એમ. રૂમના ધાબે ગયા અને એ.સી.ના કોમ્પ્રેસરમાંથી પિત્તળની વજનદાર પાઈપો હેક્સો બ્લેડ વડે કાપી નાંખી ચોરો ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. તો બીજી તરફ હજુ પણ આવા ઘણા એ.સી. પ્લાન્ટ જે અલગ - અલગ રૂમોમાં લગાડવાના છે તે આવીને પડ્યા છે. પી.એમ. રૂમ પાસે જ આ મોંઘાદાટ એ.સી. પ્લાન્ટ બિનવારસી હાલતમાં જ ધૂળ ખાઈ રહ્યા છે. એટલું જ નહિ પરંતુ અહીં કોઈ સિક્યુરિટી ગાર્ડ પણ મુકાયા નથી. મળતી માહિતી પ્રમાણે આવું તો નાનુ-મોટું ઘણું ચોરી થઈ ગયું છે, પરંતુ સિક્યુરિટી કે તંત્ર બેમાંથી કોઈના પેટનું પાણી હાલતું નથી.



આ દિશા સૂચક બોર્ડ પથિકને કયા પહોંચાડશે? (તસ્વીર : દિલીપ પ્રજાપતિ)

# સેક્ટર-૨૧ના પ્રવેશ માર્ગે ફેન્સીંગ તોડીને દબાણકર્તાઓની બેરોકટોક વેપારી પ્રવૃત્તિ યથાવત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના ચ-માર્ગ પરથી સેક્ટર-૨૧માં પ્રવેશતા માર્ગ પર રોડની બંને તરફ પાથરણાવાળા વેપારીઓના ગેરકાયદેસર દબાણને હટાવવામાં તંત્ર વધુ એકવાર નિષ્ફળ ગયું છે. આ દબાણો હટાવવા ફુટપાથ પછી તરત જ લોખંડની જાળીનું ફેન્સીંગ કરી દેવામાં આવ્યું હતું. પરંતુ હાલ આ જાળી તોડી બાકોરા પાડીને પણ દબાણકર્તાઓ દ્વારા બેરોકટોક વેપાર-ધંધા ચલાવાઈ રહ્યા છે.

પંચદેવ મંદિરની સામેથી સેક્ટર-૨૧માં જવાના પ્રવેશ સ્થળે ઘણા લાંબા સમયથી ગેરકાયદેસર રીતે વિવિધ ચીજવસ્તુઓના વેપારીઓએ ફૂટપાથ સહિતની સરકારી જમીન પર અડીંગો જમાવી વેપાર કરાઈ રહ્યો હતો. આ દબાણકર્તાઓને ઘણી વખત હટાવવા માટેના તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ એકવાર દેખાડા માટે હટ્યા પછી થોડાક જ દિવસમાં આ દબાણકર્તા ફરીથી આ જગ્યા પર પાછા આવી જતા હતા. આ વેપારીઓમાં ઘરવખરીનો સામાન, પગરખાં, કપડાં, હોઝીયરી, પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ, માટીની વસ્તુઓ સહિતની અનેક પ્રકારની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. એકવાર વેપાર ચાલુ કર્યા પછી ધીમે ધીમે દબાણકર્તાઓને તેમનો ફેલાવો વધારી દીધો હતો. જેના કારણે મુખ્ય માર્ગ પાસેના ત્રણ રસ્તા તેમજ સેક્ટરના રીંગરોડને જોડતા ચાર રસ્તા વચ્ચેની જગ્યામાં અનેકવાર ટ્રાફિક જામ થવાની સમસ્યાઓ અને નાના-મોટા અકસ્માત સર્જાવાની ઘટનાઓ પણ બનવા પામી રહી છે. આ દબાણકર્તાઓને હટાવવા થોડાક સમય પહેલા મનપા દ્વારા ફૂટપાથ નજીક તારની વાડ પણ કરી દેવામાં આવી હતી. પરંતુ હાલની પરિસ્થિતિ એ છે કે, આ તારની વાડમાં મસ મોટા બાકોરાં પાડીને પણ દબાણકર્તાઓએ તેમના વેપાર-ધંધા ચાલુ રાખ્યા છે. આ વેપારીઓની રોજીરોટી છીનવાઈ જવાની દલીલ કરનારાઓ નગરમાં અનેક નાના-મોટા વ્યવસાયકર્તાઓને દુકાનોના મોંઘા ભાડા ચુકવીને રોજીરોટી માટે વેપારધંધા કરવા પડે છે. જ્યારે તેમને મફતમાં સરકારી જમીન વાપરતા દબાણકર્તાઓ સામે અન્યાય થઈ રહ્યો છે તે સિફતપૂર્વક ભૂલી જાય છે.

જગજાહેરમાં તંત્ર દ્વારા કરાયેલ ફેન્સીંગ તોડીને બેરોકટોક વેપાર કરતા આ દબાણકર્તાઓ સામે તંત્ર દ્વારા આંખમીંચામણા કયા કારણે કરાઈ રહ્યા છે તે વિસ્તારના રહીશો પૂછી રહ્યા છે. સત્વરે આ દબાણકર્તાઓને હટાવી ફેન્સીંગનું સમારકામ કરાય તેવી રહીશોમાં તીવ્ર માંગ ઉઠવા પામી છે.

# ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા વાહનચાલકો ઘટયા

## જુન માસમાં જિલ્લા ટ્રાફીક પોલીસે નિયમો તોડતા ૬૩૮૨ વાહન ચાલકો પાસેથી રૂ. ૮.૨૭ લાખ દંડ સ્થળ પર વસુલ્યો : હેલમેટ-સીટ બેલ્ટ વગર ફરતા વાહનચાલકો વધ્યા : એક મહિનામાં ૨૮૧ વાહનો ડીટેઈન કર્યા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા ટ્રાફીક પોલીસે જુન મહિનામાં ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરતાં ૬૩૮૨ વાહનચાલકોને દંડની પાવતી પકડાવી રૂ. ૮.૨૭ લાખ સ્થળ પર દંડ વસુલ્યો છે. ગત માસની સરખામણીમાં જુન માસમાં હેલ્મેટ અને સીટ બેલ્ટ લગાવ્યા વગર ફરતાં વાહન ચાલકો વધ્યા હોવાનું તો બીજી તરફ ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતાં વાહન ચાલકો ઘટયા હોવાનું ધ્યાને આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતના જણાવ્યા મુજબ જુન માસમાં જિલ્લામાં ૬૩૮૨ વાહનચાલકો પાસેથી કુલ રૂ. ૮,૨૭,૬૭૫નો સ્થળ દંડ વસુલવામાં આવ્યો છે જે ગત માસમાં રૂ. ૭.૫૦ લાખ વસુલવામાં આવ્યો હતો. મે માસમાં ૧૮૮૧ને જયારે જુનમાં ૨૧૯૨ને સીટ બેલ્ટ વગર ફરતા પકડીને તેમની પાસેથી રૂ. ૨,૧૯,૨૦૦નો દંડ ઉઘરાવાયો હતો. મે માસમાં ડાર્ક ફિલ્મ વાળી બે કાર પકડાઈ હતી જે જુનમાં ૧૮ કાર છે. મે માસમાં ૧૧૭ વાહનચાલકો હેલ્મેટ વગર મળ્યા હતા જે જુનમાં ૨૪૬ પકડાયા છે. બેફામ ગતિએ કરતા ૧૦ વાહનચાલકો સામે દારૂ પીને વાહન ચલાવતા એક ચાલક સામે, નો પાર્કીંગ કરનાર બે સામે અને આડેધડ વાહન પાર્ક કરનાર ૧૨ વાહનચાલકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. લાયસન્સ વગર ફરતા, નો પાર્કીંગ અને આડેધડ વાહન પાર્ક કરનાર ૨૬૧ વાહનચાલકોના વાહનો ડીટેઈન કરી દેવામાં આવ્યા છે. તે ઉપરાંત કોર્ટ અને આરટીઓના મેમો આપી રૂ. ૮૦,૭૫૦નો દંડ પણ વસુલવામાં આવ્યો છે તે બીજી તરફ મે માસમાં ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતાં ૧૨૧ વાહન ચાલકો મળ્યા હતા અને તેમની પાસેથી દંડ વસુલાયો હતો જયારે જુન માસમાં આ સંખ્યા ઘટીને ૭૪એ પહોંચી છે. ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા ૭૫ પાસેથી રૂ. ૭૦૦૦નો દંડ વસુલવામાં આવ્યો છે.

ટચુકડી

જાહેર ખબર

દર ગુરુવારે રવિવારે

ફોન : ૨૩૨૨૨૫૭૧

# અર્બન બેંકના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા. ૧૦

ધી ગાંધીનગર અર્બન કો-ઓ. બેંક લિમીટેડની બોર્ડ ઓફ ડીરેકટર્સની



બેઠક અશોકકુમાર પાલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે સતત છઠ્ઠા વર્ષે ડાહ્યાભાઈ પટેલના શીરે તાજ પહેરાવવામાં આવ્યો હતો. વાઈસ ચેરમેન તરીકે બિપિનભાઈ પટેલ અને ડીરેકટર તરીકે નટવરલાલ પટેલની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

### આથમતી જીંદગીએ વૃધ્ધનો આકરો નિર્ણય

# ૯૨ વર્ષનાં વૃધ્ધનો ખોરજ કેનાલમાં આપઘાત...!

## મસાની અસહ્ય પિડાથી ત્રસ્ત ચાંદખેડાનાં વૃધ્ધ ગુરુવારે ઘરેથી ચાલ્યા ગયા હતા : શોધખોળ કરી રહેલા પરિવારજનોને કેનાલ બહારથી ચંપલ મળ્યા હતાં

ગાંધીનગર, તા.૧૦

૯૨ વર્ષ સુખ-દુઃખની છાંય અનુભવીને જીંદગીના અંતિમ તબક્કામાં પહોંચેલા ચાંદખેડાનાં એક વૃધ્ધે નર્મદા કેનાલમાં ઝંપલાવીને આપઘાત કરી લઈ જીવન ટુંકાવી દીધું હોવાની ચોંકાવી મુકે તેવી ઘટના ગાંધીનગરમાં બનવા પામી છે. આથમતી જીંદગી વેળાએ ૯૨ વર્ષના વૃધ્ધે મસાની પીડાથી કંટાળીને ખોરજ નર્મદા કેનાલમાં પડતું મુકી જીવનલીલા સંકેલી નાંખી છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ચાંદખેડાના કવિશા ડુપ્લેક્ષ ખાતે રહેતા ૯૨ વર્ષીય વૃધ્ધ પરષોત્તમભાઈ મીઠાભાઈ સોલંકી ગઈ કાલે ગુરુવારે સવારે ઘરેથી નીકળી ગયા હતા અને રાતભર પરત ફર્યા ન હતાં. પરિવારજનોએ લાપતા ઘરના મોભી પરશોત્તમભાઈ સોલંકીની શોધખોળ શરુ કરી દીધી હતી પરંતુ કયાંયથી તેમના સગડ મળ્યા ન હતાં. દરમિયાન આજે સવારે ખોરજ નર્મદા કેનાલ પાસે પરિવારજનોને મોભીનાં ચંપલ દેખાયા હતા. કેનાલ તરફ નજર પડી તો તેમનો તરતો મૃતદેહ દેખાઈ આવતા પરિવારજનો પણ ચોંકી ગયા હતા. શોકમગ્ન પરિવારજનોએ પોલીસને ઘટનાની જાણ થતાં અડાલજ પોલીસ બનાવસ્થળે પહોંચી ગઈ હતી. અને વૃધ્ધનો મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી તપાસ શરુ કરી છે. પરિવારજનોની પુછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે પરશોત્તમભાઈને ઘણા સમયથી મસાની તકલીફ હતી તેના કારણે આપઘાત કર્યો હોવાની આશંકા વ્યકત કરી છે.

# ઉવારસદ ખાતે ફીઝીયોથેરાપી કેન્દ્રનો શુભારંભ

ગાંધીનગર, તા.૧૦

હિરા લક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ઉવારસદ ખાતે નવા ફીઝીયોથેરાપી કેન્દ્રનું ઉદઘાટન ૧૩ જુલાઈ સોમવારના રોજ સવારે ૯.૩૦ કલાકે કરવામાં આવશે. ફીઝીયોથેરાપી કેન્દ્રનું ઉદઘાટન ગુજરાત રાજયના મંત્રી રમણલાલ વોરાના હસ્તે કરાશે. મુખ્ય અતિથિ તરીકે મહેન્દ્રસિંહ ડાગુર વિશેષ ઉપસ્થિત રહેશે. આ ફીઝીયોથેરાપી કેન્દ્રનો લાભ આસપાસના ગ્રામજનો લઈ શકશે. આ કાર્યક્રમમાં ભૂપેન્દ્રભાઈ, પિયુષભાઈ, માણેકલાલ, પ્રફુલ્લભાઈ હાજર રહેશે.

# એકસઠ વર્ષીય યુવાન હરિશભાઈએ ગાંધીનગરથી લેહ લદ્દાખ બુલેટ પ્રવાસ કર્યો

## અત્યંત ખરાબ રસ્તા ઉપર જીવના જોખમે રસ્તો પસાર કર્યો : હોલેન્ડના ઈગલ ગૃપે સાહસિકતાને બિરદાવી : ઓશન એડવેન્ચર ગૃપમાં નવ સભ્યોમાં સૌથી મોટા હરિશભાઈ : હવે માનસરોવર સ્કોર્પિયો લઈને જવાની ઈચ્છા ધરાવે છે

(દિલીપ પ્રજાપતિ દ્વારા) ગાંધીનગર, તા.૧૦

ઘણા માણસો એવા હોય છે કે જે સાહીઠ વર્ષ પૂર્ણ થતા જ જીવનના હથિયારો હેઠા મૂકી દે છે. પરંતુ



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગરમાં રહેતા અને જયોતિષનું કામ કરતા હરિશકુમાર વ્યાસે પોતાના જીવનના ૬૧માં વર્ષે ગાંધીનગરથી લેહ લદ્દાખનો બુલેટ પ્રવાસ કરી જુવાન અને દેશના આવતીકાલના યુવાનોને શરમાવે તેવું કાર્ય કર્યું છે.

ગાંધીનગરથી ઓશન એડવેન્ચર ગૃપ લેહ લદ્દાખ બુલેટ પ્રવાસે જઈ આવેલા નવ સભ્યોમાંના એક હરિશભાઈ ઉર્ફે પંડિતજી ગૃપમાં આઠ સભ્યો ૩૦ થી ૪૦ વયના અને પંડિતજી ૬૧ના. ગૃપના અન્ય આઠ સભ્યો પંડિતજીનો જોશ અને જુસ્સો જોઈને અચંબિત થઈ ઉઠયા હતા.

હરિશકુમાર ઉર્ફે પંડિતજી પ્રવાસ વિશે વાત માંડે છે. તેમના પ્રવાસના સંસ્મરણોથી રૂવાડા ઊભા થઈ જાય તેવા છે. હંમેશા પરીવારજનોને સરપ્રાઈઝ આપતા પંડિતજીએ બુલેટ પ્રવાસમાં જઈ રહ્યો છું તે ફકત એક દિવસ પૂર્વે જ જણાવ્યું. ઘરના સભ્યોએ પણ ગ્રીન સિગ્નલ આપ્યું. ૨૦ દિવસીય લેહ લદ્દાખ પ્રવાસ પુરો કરી આવેલ પંડિતજી કહે છે કે પ્રકૃતિએ પણ મને ખુબ જ આપ્યું છે. તેને લુંટવું હોય તેટલું લુંટી શકાય છે. અને તેના ખજાનામાં કયારેય ખોટ પડતી નથી.

અનેક ખાડા ખરબચડા અને ડરામણા રસ્તા ઉપર ૨૦૦ કિલોનું બુલેટ હંકારતા ૭૫ વર્ષીય હરિશકુમારને જે ૬૧ વર્ષમાં ન જોયું ન જાણ્યું હોય તેવું જોવા મળ્યું. સાડા ત્રણ કિલોમીટરની ટનલમાં જયાં ફોર વ્હિલરની લાઈટ પણ દીવા જેટલી દેખાય તેવા રસ્તામાં બુલેટ પ્રવાસ કર્યો.

● અનુસંધાન પાના - ૭ પર

### બુલેટથી ઓડી કારને રેસમાં પાછળ પાડી

પોતાના જીવનનાં ૬૧માં વર્ષે ઉદયપુરથી રતનપુર ચેક પોસ્ટ સુધી ઓડી કાર સાથે બુલેટ રાઈડમાં રેસમાં ઉતર્યા. અમદાવાદ પાસિંગના યુવાન કાર ચાલકે વડીલ પંડિતજીની સાથે રેસ લગાવતા પંડિતજીએ બુલેટથી ઓડી કારને હરાવી હતી. તેઓ એક દિવસમાં ૭૫૦ કિમી અંતર કાપી ગાંધીનગર પોહંચ્યા હતા ત્યારે સલામ છે ૬૧ વર્ષીય યુવાન પંડિતજીને.





ગાંધીનગર-કોબા હાઈવે પર થોડા દિવસોથી ઘરમાં રાખવાની 'શૉ પીસ' માછલીઓનું વેચાણ થઈ રહ્યું છે. નાનકડી ઝારમાં માછલીઓ વેચનારા ૧૦ જેટલી સંખઅયામાં અમ્બાલાથી આવ્યા છે. જેની વેચાણ કિંમત ૩૦૦થી ૩૫૦ છે. રંગબેરંગી પાણી જોઈ રાહદારીઓ આકર્ષાઈને ખરીદી કરી રહ્યા છે. (તસવીર : કશ્યપ નીમાવત)

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT
The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ
(લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech
SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૬૬૭૨, ૭૬૯૮૬ ૮૮૯૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.